ગાંધીનગર સમાચાર

સ્ટ્રીટલાઈટ બંધ હોવાથી રહિશો ત્રાહિમામ

# ચિલોડા-હિંમતનગર માર્ગ પર ખાડાઓનું સામ્રાજય

## નિમ્ન કક્ષાના રાષ્ટ્રીય માર્ગના કામમાં ભ્રષ્ટાચાર ડોકાયો, દૈનિક અસંખ્ય વાહનોની અવરજવરથી ધમધમતા માર્ગની દુર્દશાથી ચાલકો ત્રાહીમામ, રાત્રીએ જીવલેણ અકસ્માતની સંભાવના

ગાંધીનગર, તા.૨૮

સરકાર દ્વારા વાહનચાલકો પાસેથી વાહનની નોંધણી સમયે જ રોડ ટેક્ષ વસુલી લે છે. પરંતુ વાહનચાલકોને યોગ્ય અને સલામત સુવિધા પુરી પડાતી નથી. હાલમાં દેશનો નેશનલ હાઈવે નં. ૮ કે જે ચિલોડા થઈ પસાર થાય છે તે માર્ગમાં અસંખ્ય મોટા ખાડા પડી ગયા છે. વાહનચાલકોની સલામતી જોખમાઈ છે. પ્રથમ વરસાદમાં જ દર વર્ષે આ માર્ગની હાલત ખરાબ થઈ જાય છે જેથી રાષ્ટ્રીય માર્ગના નિમ્નકક્ષાના થયેલા આ કામમાં ભ્રષ્ટાચાર થયો હોય તેવું પ્રથમ દ્દષ્ટિએ જ દેખાઈ આવે છે. અસંખ્ય વાહનોની અવરજવરથી ધમધમતા આ માર્ગ પ્રત્યે તંત્રની નિષ્કાળજી સ્પષ્ટ જણાય છે જે કારણે વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠે છે તેમજ રાત્રીએ આ ખાડાઓના કારણે જીવલેણ અકસ્માત સર્જાવાની ભીતી ઉભી થઈ છે.

ચિલોડાથી હિંમતનગર થઈ દિલ્હી સુધી જતાં નેશનલ હાઈવે નં. ૮ના માર્ગની હાલત જર્જરીત બની ગઈ છે. સમગ્ર માર્ગ ઉપર મસ મોટા ખાડા પડી ગયા છે. માર્ગની કામગીરી નિમ્નકક્ષાની થઈ હોય તેવું સ્પષ્ટ વર્તાઈ રહ્યું છે. પ્રજાના નાણાંનો બેફામ દુરપયોગ થઈ રહ્યો હોય તેવું આ માર્ગ ઉપરથી લાગી રહ્યું છે. માર્ગ માટે મંજુર થયેલ રકમનો આ માર્ગ માટે પુરેપુરો ઉપયોગ ન થવાથી છાશવારે રાષ્ટ્રીય માર્ગની અવદશા થતી હોવાનો બળાપો વાહનચાલકો



વ્યકત કરી રહ્યા છે.

દૈનિક અસંખ્ય વાહનો આ માર્ગ ઉપરથી પસાર થઈ રહ્યા છે. જેમાં મોટા કન્ટેનર, લકઝરી બસો, એસ.ટી. બસો, ભારવાહક ટ્રકો, ખાનગીકારો, તેમજ ટુ વ્હીલરનો સમાવેશ થાય છે. હાલમાં આ માર્ગ ઉપર પડેલા ખાડાઓના કારણે અનેક વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વળી અનેક વાહનો ખોટકાઈ જવાના પણ બનાવો બનવા લાગ્યા છે. રાત્રીએ અજાણ્યા વાહનચાલકોને અકસ્માત થવાની અનેક ગણી સંભાવનાઓ વધી ગઈ છે. પ્રજાજનોને મોતના મુખમાં ધકેલવા માટે આવા માર્ગ થકી મજબૂર કરનાર ઠેકેદાર વિરૂધ્ધ વિજીલન્સ તપાસ હાથ ધરવાની માંગ વાહનચાલકોમાં ઉઠવા પામી છે. તેમજ હાલમાં જર્જરીત થયેલા આ માર્ગની સ્થાનિક સરકાર દ્વારા વીડીયોગ્રાફી કરી દેશના માર્ગ મંત્રીને મોકલવા પણ માંગ ઉઠી છે. પ્રજાના નાણાંનો સદુપયોગ કરી સુચારૂ સુવિધા પુરી પાડવા પ્રજાના પ્રતિનિધિઓ સક્રીય બને તેવી લોકલાગણી પણ ઉભી થઈ છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે અર્ધસત્ય નાટક યોજાશે.

● વિસનગરા નાગર પરિવાર દ્વારા સોમવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે કૌશિકભાઈ રાવલના નિવાસસ્થાન ૨૨૯, સહકાર કોલોની, સે-૨૫ ખાતે શિવ મહિમ્નના સ્ત્રોત, શિવ પૂજન અને શિવ ભકિત કરવામાં આવશે.

● સે-૬-ડી સ્થિત શ્રી ભુવનેશ્વર મહાદેવ ખાતે સોમવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે ગુલાબ સુશોભિત શિવલિંગની મહા આરતી યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે પૂ. મહંત મધુસુદનદાસ બાપુની નિશ્રામાં દ્વાદશ જયોર્તિલીંગ કથા યોજાશે.

● સે-૨૩ શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા મુકેશભાઈ શુકલના નિવાસસ્થાન ૫૫૫/૬, શ્રીધર ફ્લેટ ખાતે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા મંજુલાબેન નિનામાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૧૫૬/૧, સ્વામિનારાયણ મંદિર પાસે સે-૨-એ ખાતે સવારે ૭.૩૦ કલાકે રૂદ્ર પૂજા યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા કે.બી. વ્યાસના નિવાસસ્થાન બ્લોક નં. ૪૧/૩, સે-૨૨ ખાતે લઘુરૂદ્રનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૨ જૈન દેરાસર ખાતે પ.પૂ. આચાર્ય ભગવન્તશ્રી નરરત્ન સૂરશ્વરી મ. સાહેબની અમૃતવાણી.

## હેપ્પી યુથ કલબ દ્વારા વાવોલ ખાતે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન-સારવાર કેમ્પ યોજાયો

### એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં યોજાયેલ કેમ્પમાં સવાસો જેટલા લાભાર્થીઓએ વિના મૂલ્યે નિદાન તથા સારવાર પ્રાપ્ત કરી





ગાંધીનગર, તા.૨૮

હેપ્પી યુથ કલબ દ્વારા ગાંધીનગરની સે-૨૨ ખાતેની સરકારી આયુર્વેદિક હોસ્પિટલના સહયોગથી આજે વાવોલ ગામમાં એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વાવોલ ઉપરાંત પુન્દ્રાસણ, પીંડારડા, સરગાસણ તેમજ સે-૫, ગોકુલપુરા વગેરે વિસ્તારના આશરે સવાસો જેટલા દર્દીઓએ પોતાના રોગોનું નિદાન કરાવી સારવાર પ્રાપ્ત કરી હતી. આ કેમ્પમાં દર્દીઓને દવાઓ પણ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવી હતી.

વાવોલ ખાતે યોજાયેલા નિઃશુલ્ક સર્વ રોગ નિદાન સારવાર કેમ્પમાં સે-૨૨ આયુર્વેદિક હોસ્પિટલના વૈદ્ય પંચકર્મ ચેતનાબેન જાનીના માર્ગદર્શનથી નિષ્ણાંત તબીબો ડૉ. ધરા જાધવ, ડૉ. મહેશ પરમાર, ડૉ. અમિત પટેલ તથા નર્સ તરીકે આશા પરમારે સેવાઓ આપી હતી. આ કેમ્પમાં સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, જાણીતા સાહિત્યકાર તથા કોલમિસ્ટ સંજય થોરાત, એડવોકેટ-કોલમિસ્ટ અશ્વિન ત્રિવેદી, નિવૃત્ત માહિતી વિભાગના કર્મચારી વિનોદસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પની સફળતા માટે હેપ્પી યુથ કલબના સંયોજક સમીર રામી, કોષાધ્યક્ષ ભાવના રામી તથા યુવા કાર્યકરો વિજયસિંહ માજીરાણા અને કમલેશ સિસોદિયાએ જહેમત ઉઠાવી હતી. કેમ્પમાં એમ.બી. પટેલ સ્કૂલના આચાર્ય બળદેવભાઈ પટેલ તથા એમ.ડી. શાહ પ્રા. શાળાના એસ.ઓ. સોનલબા ગોલનો સહકાર પ્રાપ્ત થયો હતો. કેમ્પમાં દર્દીઓએ તમામ પ્રકારના રોગો માટે નિઃશુલ્ક નિદાન-સારવાર ઉપરાંત યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

## સ્ટ્રીટલાઈટ બંધ હોવાથી રહિશો ત્રાહિમામ

### રાત્રિ દરમિયાન ઘરફોડ-ચોરી, લુખ્ખા તત્વોનો અડ્ડો અને રખડતા ઢોરના કારણે રહીશોમાં દહેશત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં અનેક વિધ નાની મોટી સમસ્યાઓ રહીશો માટે પરેશાનીરૂપ બની છે ત્યારે વરસાદી ઋતુ દરમિયાન સેકટરોમાં સ્ટ્રીટલાઈટના થાંભલા બંધ હોવાના પણ કિસ્સા ધ્યાને આવી રહ્યા છે. સેકટરોમાં રાત્રિ દરમિયાન અંધાર પટ્ટ છવાઈ જતાં રહિશોને અનેક મુશ્કેલીઓ વેઠવી પડે છે. જેવી કે અંધારપટ્ટના લીધે રાત્રિ દરમિયાન ઘરફોડ-ચોરી, લુખ્ખા તત્વોનો અડ્ડો તેમજ જાહેર રોડ પર રખડતા પશુઓને કારણે નાના મોટા અકસ્માતો પણ સર્જાય છે. ત્યારે બંધ સ્ટ્રીટ લાઈટો માટે યોગ્ય પગલા લેવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. સેકટરોની સ્ટ્રીટલાઈટો શોભાના ગાંઠીયા સમાન બની છે.

સેકટરોમાં ઘણા ઠેકાણે સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં હોવાથી સેકટરવાસીઓએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. બીજી તરફ શહેરમાં રખડતા ઢોરોની સમસ્યા પણ ડગલે ને પગલે વધતા પ્રજાજનો અવાર નવાર અકસ્માતોનો પણ ભોગ બને છે. આ ભયજનક સ્થિતિના કારણે લોકોમાં દહેશતની લાગણી પણ જોવા મળી રહી છે.

સેકટરોના કેટલાક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે જેના કારણે બાળકો, સિનિયર સિટીઝનો અને મહિલાઓ સ્વતંત્ર રીતે હળવાશની પળોમાં બહાર નીકળતા દહેશત અનુભવે છે. આ સમસ્યાઓના કારણે સ્ટ્રીટ લાઈટના થાંભલા વહેલી તકે ચાલુ કરવા અવાર નવાર જાગૃત નાગરિકો દ્વારા લેખિત અને મૌખિક રજુઆતો પણ કરવામાં આવી છે.

સે-૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના જણાવ્યા મુજબ સે-૫ના જાહેર માર્ગો રીંગ રોડ, શોપિંગ સેન્ટર તથા વસાહતીઓના રહેણાંકના ચોકઠામાં મોટા ભાગે છેલ્લા પંદર દિવસથી તમામ સ્ટ્રીલાઈટના થાંભલા બંધ હાલતમાં છે. આ અન્વયે અવારનવાર ફોન પર તેમજ મૌખિક જાણ કરવા છતાં આ સ્ટ્રીટલાઈટ ચાલુ કરવામાં આવી નથી જેના કારણે સાંજ ઢળતા જ સેકટરમાં ચારે કોર અંધારું છવાઈ જાય છે. આ ઉપરાંત સેકટરમાં કેટલીક જગ્યાએ સ્ટ્રીટ લાઈટના થાંભલાના ઢાંકણા તુટી ગયા છે તો કયાંક સ્ટ્રીટલાઈટના થાંભલાના ઉપરના ભાગે પાંખીયા ફરી ગયા છે. જેથી પ્રકાશ રોડ પર પડવાને બદલે સ્ટ્રીલાઈટનો પ્રકાશ ઝાડીઓમાં પડે છે. આ અન્વયે લેખિત અને અને મૌખિક ફરીયાદો કરવા છતાં સમસ્યાઓનું નિરાકરણ આવ્યું નથી. જો આ બાબતને સત્વરે ધ્યાને લેવામાં નહિ આવે તો વસાહત મંડળે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

## વાતવાતમાં

● શનિવારે મોડી સાંજે શહેરના મુખ્ય માર્ગ ચ રોડ પર બે કારની ટકકર સર્જાઈ હતી. જો કે આ ટકકરમાં સદભાગ્યે કોઈ જાનહાની કે ગંભીર ઈજા નથી થઈ પરંતુ બંને કારને સારું એવું નુકસાન થવા પામ્યું હતું.

● ગત સપ્તાહમાં તહેવારોની રજાઓના પગલે બહારગામ ફરવા ગયેલા પરિવારો રવિવારે પરત ફર્યા હતા. સોમવારથી રાબેતા મુજબ ચાલુ થઈ રહેલી શાળાઓ તથા કાર્યાલયો ફરીથી ધમધમતા જોવા મળશે.

● શ્રાવણ માસના છેલ્લા સોમવારે ભગવાન ભોળાનાથને ભજી લેવા ભાવિક ભકતો આતુર બન્યા છે જેથી શિવાલયોમાં ભીડનો માહોલ જોવા મળશે. શ્રાવણ માસનો અંત નજીક આવતા જ શહેરમાં ગણેશોત્સવની તૈયારીઓનો જોશભેર પ્રારંભ થવા પામ્યો છે.

## ગાંધીનગર રાજપૂત સમાજ દ્વારા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર રાજપૂત સમાજ દ્વારા સમાજના વિકાસ અંગેના કાર્યો કરવા માટે ડૉ. શંકરસિંહ રાણાના પ્રમુખ પદ હેઠળ કારોબારીની રચના કરવામાંઆવી હતી. જેમાં મહામંત્રી પદે પ્રદિપસિંહ બિહોલા, સંયોજક પદે પ્રદિપસિંહ વાઘેલા, ઉપપ્રમુખ પદે જીતેન્દ્રસિંહ વાઘેલા અને મહેશસિંહ રાઓલ, સહમંત્રી પદે જુજારસિંહ ચાવડા અને ભરતસિંહ બિહોલા, ખજાનચીપદે બાબુસિંહ વાઘેલા, ઓડીટર પદે ભીખુસિંહ વાઘેલા અને પૃથ્વીસિંહ ચાવડાની વરણી કરવામાંઆવી હતી.

આ ઉપરાંત કારોબારી સભ્ય તરીકે જગદીશસિંહ વાઘેલા, શૈલેન્દ્રસિંહ ગોલ, ગણપતસિંહ રાઠોડ, વેલુસિંહ ચાવડા અને સંજયસિંહ રાઠોડ તથા પ્રચાર-પ્રસાર મંત્રી તરીકે વિનોદસિંહ રાઠોડ, પદમસિંહ ચૌહાણ, રાજેન્દ્રસિંહ ચાવડા અને જસવંતસિંહ ચાવડા સહિતની વરણી કરાઈ હતી.

# રખડતાં ઢોરથી બચી ઘરે સલામત પહોંચો તો પ્રભુનો પાડ માનજો

## દૂધની કમાણી આપતું ઢોર વસૂકી જાય એટલે પૂજનીય મટી જાય અને રસ્તે રખડતુ કરી દેવાય છે : આજીવન દોહ્યા પછી શું તેને સાચવવાની જવાબદારી પણ નિભાવવી જરૂરી નથી? : રખડતા ઢોરનો ભોગ બની જીવ ગુમાવતા નિર્દોષ વાહન ચાલકોનો શું વાંક?




ગાંધીનગર, તા.૨૮

ભારતીય સંસ્કૃતિમાં પૌરાણિક સમયથી પ્રાણીઓને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે. પર્યાવરણીય સમતુલા માટે વન્ય સૃષ્ટિમાં પ્રાણીઓની હાજરીની અગત્યતા સાથે પાલતુ પ્રાણીઓ પણ એટલા જ મહત્વના પરિબળ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. આજ કારણે હિન્દુ ધર્મમાં દેવી દેવતાઓના વાહન તરીકે વિવિધ પ્રાણીઓ દર્શાવી તેની અગત્યતા ઉભી કરાઈ હોવાનું મનાય છે. જો કે હાલના સમયમાં પાલતુ પ્રાણીઓ જેવા કે ગાય, ભેંસ, બળદ, ગધેડા, કૂતરા વગેરે શહેરોના માર્ગો પર બિનવારસી હાલતમાં મોટી સંખ્યામાં રખડતા રહેતા હોવાથી સતત વાહન પર નિર્ભર થતા જતા માનવી માટે જોખમરૂપ બની રહ્યા છે. દેશના લગભગ તમામ શહેરોમાં જાહેર માર્ગો પર રખડતા ઢોરનો ત્રાસ દિન પ્રતિદિન વધી રહ્યો છે અને વહીવટી તંત્ર માટે શિરદર્દ સમાન પુરવાર થઈ રહ્યો છે. પશુપાલકો દ્વારા વિવિધ કારણોસર છુટા મુકી દેવાયેલા રખડતા ઢોરને કારણે અકસ્માતોનું પ્રમાણ વધતું જાય છે જેના કારણે અનેક નિર્દોષ વાહનચાલકોએ પોતાનો જીવ પણ ગુમાવવો પડી રહ્યો છે.

બાળપણમાં એક વાર્તા ભણવામાં આવતી હતી જેમાં રસ્તા પર જતા એક મુલ્લાંને જોવામાં કડિયાથી મકાન બાંધકામ દરમિયાન જરૂર કરતા વધુ પાણી રેડાઈ જાય છે, જેના કારણે તે મકાનની દિવાલ કાચી રહી ગઈ હોવાના બહાના હેઠળ તે મકાનમાં ચોરી કરવા ઘુસેલા ચોર પર દિવાલ પડવાથી મોત થતા તે અંધેરી નગરીનો ગંડુ રાજા મુલ્લાંને ફાંસીની સજા ફરમાવે છે, એટલું જ નહી પરંતુ મુલ્લાની ડોક ફાંસીના ફંદામાં પાતળી પડતા તેને સ્થાને હટ્ટાકટ્ટા નિર્દોષ યુવાનને ફાંસીએ લટકાવવાનો પણ આદેશ આપી દેવાય છે. આ વાર્તાની માફક જ જયાં સુધી પોતાની પાલતુ ગાય કે ભેંસ દૂધ આપતી હોય ત્યાં સુધી તેને પૂજનીય ગણવી અને વસૂકી ગયા બાદ રેઢી મૂકી દેવી અને ભૂલેચૂકે જો તેને કોઈ વાહન ભટકાય તો પાછુ વાહનચાલક પર જ રોપ ઝાડવો અથવા જો ઢોર મરી જાય તો માતબર વળતર પડાવવા ધમપછાડા કરવામાં પેલા ચોરની મા જેટલી જ તત્પરતા દાખવવામાં આવે છે. તાજેતરમાં જ ગાંધીનગરમાં કેટલાક આખલાં રોડ પર ઘણા દિવસથી ઉત્પાત મચાવી રહ્યા હોવાથી મ્યુનિસિપલ કમિશનરે તેને પકડીને શહેરથી દૂર જંગલના વિસ્તારમાં છોડી દેવાનું મુનાસિબ માન્યું હતું. આ કાર્ય પતાવ્યાના તુરંત બાદ કહેવાતા 'જીવદયા પ્રેમી' એ મ્યુનિસિપલ કમિશનરે 'એજ' આખલાઓને પરત નહી લાવવામાં આવે તો અદાલતમાં ઘસડી જવાની



ધમકી આપી તો બીજી તરફ આ આખલાઓના ત્રાસ અંગે ફરિયાદ કરનારે જો આખલા પરત લવાશે તો 'જોઈ' લેવાની વાત કરતા બિચારા મયુનિસિપલ કમિશનરની હાલત 'સુડી વચ્ચે સોપારી' જેવી થઈ જવા પામી હતી. એટલે પેલી વાર્તાની જેમ ભલે નિર્દોષ વાહન ચાલકોનો જીવ જોખમાય પરંતુ વહીવટીતંત્ર ખરા દોષિત એવા ઢોરને રેઢા મૂકનાર તેના માલિકો સામે લાચાર બની જાય છે.

ચોમાસાની ઋતુના પ્રારંભે મોટા ભાગના પ્રાણીઓના મેટીંગ પિરિયડ ચાલતા હોય છે આ કારણે આ સીઝનમાં પ્રાણીઓને છુટા મુકવા પડે છે. વળી, આ સમયે વરસાદના કારણે ગભાણમાં ગંદકીનું પ્રમાણ વધુ હોય અને માખી, મચ્છર સહિતની જીવાતોનો ઉપદ્રવ પણ વધુ હોય તેથી ઢોર સ્વચ્છ જગ્યાએ બેસવાનું પસંદ કરે છે જેમાં ડામરના રોડ તેમને સરળતાથી ઉપલબ્ધ થતા હોવાથી આ સીઝનમાં રોડ પર ઢોરની સંખ્યા વધુ જોવા મળે છે. જો કે આ ઢોર માટે રહેવાની સ્વચ્છ જગ્યાની વ્યવસ્થા કરવાની જવાબદારી તેના પર નિર્ભર રહેતા માલિકની છે તેવું કોઈ જીવદયા પ્રેમી કહેવા જતું નથી. કેટલાક ઢોરના તો રંગ પણ એવા હોય છે કે રાત્રિના સમયે નાના વાહન ચાલકો માટે કળવા મુશ્કેલ બને છે. થોડા સમય પહેલા અમદાવાદમાં રખડતા કૂતરાઓનો ત્રાસ ઓછો કરવા 'ખસીકરણ' યોજના અમલમાં મુકવામાં આવી હતી પરંતુ એમાં પણ કહેવાતા પ્રાણી પ્રેમીઓ નડયા હતા. આજે રખડતા કૂતરાઓ રાત્રિના સમયે બાઈક કે સ્કૂટર ચાલકો માટે તેમની પાછળ દોડી કાળમુખા સાબિત થઈ રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં નીલગાય અને ભૂંડ જેવા પ્રાણીઓનો ખેતી પર આતંક વધતો જાય છે. નીલગાયના કારણે તો માર્ગ અકસ્માતોની સંખ્યા પણ વધતી જાય છે. હવે શહેરોના માર્ગો પર માત્ર ગાય, બળદ, આખલા, ભેંસ કે કૂતરા જ નહી પરંતુ ગધેડાની સંખ્યા પણ જોવા મળી રહી છે. આ સંજોગોમાં વાહનચાલકોએ પોતાનું વાહન 'રામ ભરોસે' જ હાંકવું અને ઘરે સહી સલામત પહોંચે તો પ્રભુના વાહનોનો પાડ માનવો જ રહે છે.

સોશિયલ મિડિયા પર મા-બાપને ઘરડા ઘરમાં મૂકી આવતા સંતાનો માટે ફિટકાર વરસાવતા અનેક મેસેજીસની લંગાર જોવા મળે છે પરંતુ પાલતુ પ્રાણીઓને મિલ્કત અને પૂજનીય ગણાવતા પણ જયારે તે દૂધ આપતા બંધ થઈ જાય ત્યારે પણ તેની જવાબદારી નિભાવવાનું ભુલી રસ્તે રઝળતા કરી દેતા પશુ માલિકો માટે કઈ સંદેશ જોવા મળતા નથી. શું ગાયને 'માતા' કહેવાય તો તે નફાકારક ના રહે તો તેને રસ્તે રઝળતી કરી દેવી યોગ્ય ગણાય?

પ્રતિભાવો : samirtalod@yahoo.com

## મહેસૂલી રબારી પરિવારની પરિચય પુસ્તિકાનું વિમોચન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે ગુજરાત રાજય મહેસૂલી રબારી પરિવાર પરિચય પુસ્તિકા - ૨૦૧૬ નું વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોએ દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. મહેસૂલી રબારી પરિવાર દ્વારા આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રબારી સમાજના ધર્મગુરુઓ પ.પૂ. મહંત બળદેવગીરી બાપુ અને પ.પૂ. મહંત કનીરામ બાપુ ઉપસ્થિત રહીને ગુજરાત રાજય મહેસૂલી રબારી પરિવારની પરિચય પુસ્તિકા ૨૦૧૬ નું વિમોચન કર્યુ હતું. અને



ત્યારબાદ રબારી સમાજના પરિવારના સભ્યોને આર્શિવચન પાઠવ્યા હતા. આ પ્રસંગે ધો-૧થી ઉચ્ચ અભ્યાસક્રમમાં સારા ગુણ પ્રાપ્ત કર્યા હોય તેવા ૧૧૭ તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવ્યા હતા. તેમજ નિવૃત મામલતદાર-૫ નાયબ મામલતદાર-૫, અને નાયબ સચિવ-૪ નું શાલ તેમજ પાઘડી પહેરાવી સન્માન કરાયું હતું. આ પ્રસંગે પૂર્વ ગૃહમંત્રી રજનીભાઈ પટેલ, અરજણભાઈ રબારી અને આઈ.એ.એસ. ડી.એન.પાંડે, મનીષ ભારદ્વાજ, કલેકટર ગાંધીનગર એસ.એ.પટેલ, આઈપીએસ સુધીર દેસાઈ, આઈએફએસ બી.એલ. દેસાઈ હાજર રહીને કર્મચારીઓને પ્રેરણા પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં રબારી સમાજના ગાંધીનગરના કોર્પોરેટર જીતુ રાયકા, નાઝાભાઈ ઘાંઘર, અધિક કલેકટર, નાયબ કલેકટર, મામલતદાર, નાયબ મામલતદાર સહિત મોટીસંખ્યામાં ભાઈ બહેનો હાજર રહીને કાર્યક્રમની શોભા વધારવા બદલ કાર્યક્રમના સંયોજક શકરાભાઈ.જે.રબારી શેખપુર (મામલતદાર, કતારગામ, સુરતસીટી) એ આભાર વ્યકત કર્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. રમેશભાઈ મગનભાઈ પરમાર, ઉ.વ. ૪૨
- સ્વ. કાળુભાઈ વેલજીભાઈ પટેલ, ઉ.વ. ૭૫
- સ્વ. પૃથ્વીરાજ લીલાજી ઠાકોર, ઉ.વ. ૨૬